# ભારતીય અર્થતંત્રમાં સેવાઓનું વિસ્તરતું ક્ષેત્ર - સેવાક્ષેત્ર

અમિતભાઈ ગુરજીભાઈ વસાવા
રીસર્ચ સ્કોલર,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત

**સારાંશ**

કોઈ પણ દેશના અર્થતંત્રને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે.1.ખેતીક્ષેત્ર 2.ઉધોગ 3.સેવાક્ષેત્ર. અર્થતંત્રના વિકાસ માટે આંતરમાળખાકીય સવલતોનો વિકાસ આવશ્યક છે. જે ખેતીક્ષેત્ર અને ઉધોગક્ષેત્ર માટેની સહાયક સેવાઓ પૂરી પડે છે. સેવાક્ષેત્રમાં વિવિધ સેવાઓ જેવી કે આરોગ્ય, શિક્ષણ, સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, વીમો, ઊર્જા, સંશોધન અને વિકાસ, બેન્કિંગ, હોટેલ, સંરક્ષણ કાયદો અને વ્યવસ્થા, મનોરંજન, વ્યવસાય વગેરેનો સમાવેશ થાય છે. વર્ષ 2016માં ભારતના જીડીપીમાં સેવાક્ષેત્રનો ફાળો 53.63 ટકા હતું. જે વર્ષ 2020 સુધીમાં 62 ટકા થવાની સંભાવના છે. વર્ષ 2016માં દેશમાં સાક્ષરતાનું પ્રમાણ 74.04 ટકા હતું.જેમાં સ્ત્રીઓની ટકાવારી 65.46 ટકા અને પુરુષોની ટકાવારી 82.14 ટકા હતી.દેશમાં 293 જેટલી વૈશ્વિક સ્થાનિક કંપનીઓ છે જે 5 થી 10 વર્ષમાં 266 ગીગાવોટ પાવર સોલર, પવન, મીની હાઈડલ અને બાયોગેસ આધારિત પેદા કરવાની ક્ષમતા ધરાવે છે. દેશમાં આરોગ્યને લગતી સેવાઓમાં સતત વધારો થવાથી બાળ મૃત્યુદર અને માતૃત્વ મૃત્યુદર ઘટાડો થયો છે. વાહનવ્યવહાર સેવાઓ રેલ્વે મુખ્ય છે. જે 115000 કી.મી.નું નેટવર્ક ધરાવે છે. રસ્તાઓ, પાઈપલાઈન, હવાઈમાર્ગ અને જળમાર્ગ વિકાસ થયો છે. બેન્કિંગ ક્ષેત્રે ઈ - બેન્કિંગ, એ.ટી.એમ., ડેબીટ કાર્ડ જેવી સુવિધાઓમાં વધારો થયો છે. દેશના નાગરિકોને જીવનની સુરક્ષાઓમાં અને સંદેશાવ્યવહારને લગતી સેવાઓ માટે વિવિધ કાર્યક્રમો અને યોજનાઓ કાર્યરત છે. આમ સેવાક્ષેત્ર એ દેશનું સૌથી વિકસિત ક્ષેત્ર છે.

## ૧. પ્રસ્તાવના

ભારતીય અર્થતંત્રમાં આર્થિક વિકાસ મુખ્ય ત્રણ ક્ષેત્ર પર આધારિત છે. 1. ખેતી ક્ષેત્ર, 2.ઉધોગ ક્ષેત્ર, 3. સેવા ક્ષેત્ર.આઝાદી પછીના થોડા વર્ષો દરમિયાન ભારતના 70 ટકા લોકો ખેતી ક્ષેત્ર પર પોતાનું જીવન નિર્વાહ ચલાવતા હતા. ઈ. સ. 1991માં નવા આર્થિક સુધારા થવાથી ઉધોગ અને સેવાક્ષેત્રનો વિકાસ વધ્યો છે. પ્રવર્તમાન સમયમાં સૌથી મહત્ત્વનું ક્ષેત્રે સેવાક્ષેત્ર છે. કોઈપણ અર્થતંત્રના વિકાસ માટે આંતર માળખાકીય સવલતોનો વિકાસ અનિવાર્ય છે. ઉધોગ અને કૃષિક્ષેત્રના વિકાસ માટેની સહાયક સેવાઓ પૂરી પાડવાનું કામ સેવાક્ષેત્ર કરે છે. ભારતમાં ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટના ફાળામાં ઉધોગ અને ખેતીક્ષેત્ર કરતાં સેવાક્ષેત્રનો ફાળો વધુ છે. રોજગારી સર્જન અને ઉત્પાદન પ્રક્રિયાને સરળ બનવવામાં સેવાક્ષેત્રનું મોટું પ્રદાન રહ્યું રહ્યું છે.

## ૨. સેવાક્ષેત્ર

સેવાક્ષેત્ર વસ્તુઓનું નહીં પરંતુ સેવાઓનું ઉત્પાદન કરે છે. જેમાં સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, વેપાર અને વાણિજ્ય, વહીવટી, પાણીપૂરવઠો, વીજળી, ઊર્જા, સંશોધન અને વિકાસ, શિક્ષણ, હોટેલ વ્યવસાય, આરોગ્ય, બેંકિંગ, વીમા, વખાર, સંરક્ષણ કાયદો અને વ્યવસ્થાને લગતી સેવાઓનો સર્જન કરે છે. આંતરમાળખાકીય સેવાઓ એવી વ્યવસ્થા કે સગવડોના સમૂહનો નિર્દેશ કરે છે જે દેશના વિકાસમાં અત્યંત આવશ્યક છે. અર્થતંત્રમાં રહેલા આંતરમાળખામાંથી મળતી સેવાઓ ખરીદનાર અને વેચનાર વચ્ચે ચીજવસ્તુઓ અને

સેવાઓના પ્રવાહને સરળ બનાવે છે.ક્રેઝર નામના પ્રખ્યાત અર્થશાસ્ત્રી સેવાક્ષેત્રનું મહત્વ સમજાવતા જણાવ છે કે "પ્રત્યેક વિકાસશીલ અર્થતંત્રમાં આવશ્યક એવી પ્રાથમિક પ્રવૃતિઓના રોજગારી અને મૂડીરોકાણ દ્વિતીય ક્ષેત્રની આર્થિક પ્રવૃતિ (ઉદ્યોગ) તરફ વળે છે અને તેથી પણ વધારે પ્રમાણમાં સેવાઓના ઉત્પાદન તરફ વળે છે. વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઇઝેશન )WTO(નાં આંકડાઓ મુજબ વર્ષ 2005માં ભારતની વાણિજ્યક સેવાઓની નિકાસ 51.9 અબજ અમેરિકન ડોલર હતી. જે વધીને 155.3 અબજ અમેરિકન ડોલર થઈ હતી. વર્ષ 2016માં ભારતના જીડીપીમાં સેવાક્ષેત્રનો ફાળો 53.63 ટકા હતું. જે વર્ષ 2020 સુધીમાં 62 ટકા થવાની સંભાવના છે. વૈશ્વિક સેવા નિકાસમાં ભારતનો વર્ષ 2015માં હિસ્સો 3.3 ટકા હતો. પરિવહન અને વ્યવસાય સેવાઓમાં વધારો થવાથી વર્ષ 2016-17માં સેવાઓની નિકાસમાં 5.7 ટકાનો વધારો થયો છે.

## ૩. સેવાક્ષેત્રની મહત્તવની સેવાઓ અંગેની માહિતી

### *૩.૧ શિક્ષણની સેવાઓ*

ભારત અમેરિકા પછી ઈ-લર્નિંગ માટેનું બીજાક્રમનું સૌથી મોટું બજાર બન્યું છે. શિક્ષણ અને ટેક્નોલોજીએ વિશ્વને ગામડાનું સ્વરૂપ આપ્યું છે. શિક્ષણ પાછળ વર્તમાનને કરવામાં આવેલ મૂડીરોકાણ ભવિષ્યની આવક છે. વર્ષ 2016માં દેશમાં સાક્ષરતાનું પ્રમાણ 74.4 ટકા હતું. જેમાં સ્ત્રીઓની ટકાવારી 65.46 ટકા અને પુરૂષોની ટકાવારી 82.14 ટકા હતી. કેરળ રાજ્યમાં સૌથી વધુ સાક્ષરતાનું પ્રમાણ 94 ટકા છે. જ્યારે બિહારમાં સૌથી ઓછી ટકાવારી 63.83 ટકા છે. વર્ષ 2014માં શિક્ષણ ક્ષેત્રમાં પ્રાથમિક શાળાઓની સંખ્યા 7,90,600, ઉચ્ચતર પ્રાથમિક શાળાઓની સંખ્યા 4,01,100, માધ્યમિક શાળાઓની સંખ્યા 1,31,300 અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સંખ્યા 1,02,600, કોલેજોની સંખ્યા, 36,671 અને યુનિવર્સિટીઓની સંખ્યા 712 હતી. વર્ષ 2014માં પ્રાથમિક શાળાઓમાં 1300 લાખ ઉચ્ચતર પ્રાથમિક શાળાઓમાં 657 લાખ, માધ્યમિક શાળાઓમાં 370 લાખ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 220 લાખ વિદ્યાર્થીઓની સંખ્યા હતી. વર્ષ 2013માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓની સંખ્ય 296 લાખ હતી.

દેશમાં 1.5 મિલિયનથી વધુ શાળાઓ આવેલી છે. જેમાં 260 મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. વર્ષ 2016 ભારતના અંદાજપત્રમાં 10.859 બિલિયન અમેરિકન ડોલર શિક્ષણ પાછળ ખર્ચા હતા. જે વર્ષ 2017-18માં 11.952 બિલિયન અમેરિકન ડોલર થશે. ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રિઝ પોલીસી અને પ્રમોશન દ્વારા બહાર પાડેલ આંકડાઓ પ્રમાણે એપ્રિલ-2000થી માર્ચ-2017 સુધીમાં ભારતમાં શિક્ષણક્ષેત્રની કુલ વિદેશી હુંડિયામણ આવક 1. 42 અબજ અમેરિકન ડોલર હતી. ભારતમાં ટેલેન્ટપ્રિન્ટ હેદ્રાબાદ સ્થિત કુશળ વિકાસ કંપનીએ સ્માર્ટ કેમ્પસ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. સ્કીલ ડેવેલપમેન્ટ ઓફ એન્ટ્રેપિનોર મંત્રાલય દ્વારા પ્રધાનમંત્રી યુવાયોજના શરૂ કરવામાં આવ છે. જેમાં 5 હજારથી વધુ વિદ્યાર્થીઓને અને 3 હજારથી વધુ સંસ્થાઓ દ્વારા ઉદ્યોગ સાહસિકોને શિક્ષણ અને તાલીમ આપવામાં આવશે. દરેક જિલ્લામાં જવાહર નવોદય વિદ્યાલય સ્થાપવા 2,871 કરોડની મંજૂરી મળી છે. દેશમાં ડિજિટલ સક્ષરતા માટે પ્રધાનમંત્રી ગ્રામીણ, ડિજિટલ સ્ત્રોત અભિયાન, કૌશલ્ય ભારત કુશળ ભારત, કૌશલ્ય લોન યોજના, રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ મિશન જેવી યોજનાઓ કાર્યરત છે.

### *૩.૨ ઊર્જા ક્ષેત્ર*

ઊર્જાક્ષેત્ર અર્થતંત્રના વિવિધ ક્ષેત્રમાં ચાલકબળ તરીકેની ભૂમિકા ભજવે છે. ઊર્જાના સ્ત્રોતોમાં કોલસો, વીજળી, પેટ્રોલિયમ, સૂર્ય, પવન, પાણી, કુદરતી ગેસ, પરમાણુ,લાકડું, વનસ્પતિના અવશેષો, કૃષિક્ષેત્રનો કચરો, સૂકવેલા છાણાં વગેરેનો સમાવેશ થાય છે. વર્ષ 2017માં દેશમાં કુલ થર્મલ પાવર સ્થાપિત ક્ષમતા 220.58 ગીગાવોટ, હાઇડ્રો અને નવીનીકરણીય ઊર્જાની સ્થાપિત ક્ષમતા 44.6 ગીગીવોટ અને 58.3 ગીગાવોટ. વર્ષ 2017માં પાવર સ્ટેશનોની કુલ સ્થાપિત ક્ષમતા 3,30,260.55 મેગાવોટ છે. દેશમાં 293 સ્થાનિક વૈશ્વિક કંપનીઓ છે. જેમાં 5થી

10 વર્ષમાં 266 ગીગાવોટ પાવર સોલર,પવન, મીનીહાઇડલ અને બાયોગેસ દ્વારા પૈદા કરવામાં સક્ષમ છે. ભારતમાં ઊર્જાક્ષેત્રની મહત્ત્વની કંપનીઓમાં જયપ્રકાશ પાવર વેન્ચર લિ., જે. એસ. ડબલ્યુ એનર્જી લિ., એન. એચ.પી.સી લિમિટેડ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિ., ટાટા પાવર કંપની લિ., ટોરેન્ટ પાવર લિ. વગેરેનો સમાવેશ થાય છે.

### *૩.૩ આરોગ્યક્ષેત્ર*

દેશમાં નિદાન સારવાર, રોગ પ્રતિબંધન માટેની સેવાઓ,ભૌતિક અને તંદુરસ્તીની દિશામાં આપવામાં આવતી સેવાઓને આરોગ્યની સેવાઓ તરીકે ઓળખવામાં આવે છે.દેશમાં દરેક માણસનું સ્વાસ્થ્ય જળવાય રહે તે માટે આરોગ્યની સેવાઓ જરૂરી છે.કારણ કેસ્વસ્થ નાગરિક સ્વસ્થ સમાજનું નિર્માણ કરે છે વર્ષ 2016 નાં સંયુકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમના માનવ વિકાસ અહેવાલ પ્રમાણે ભારતમાં સરેરાશ અપેક્ષિત આયુષ્ય 68.3 વર્ષ હતું જેમાં સ્ત્રીઓનું 69.78વર્ષ અને પુરુષોનું 67.26વર્ષ હતું.વર્ષ 2014માં દેશમાં બાળ મૃત્યુ દર હજારે 49.૮ વર્ષ હતો જે 2015માં 27.7 થવા પામ્યો છે. વર્ષ 2014માં દેશમાં માતૃત્વ મૃત્યુદર દર 1 લાખે 181 હતો. જે 2015માં 174 થયો હતો. વર્ષ 2014માં નિયોટલ મૃત્યુદર 28.6 ટકા હતો જે વર્ષ 2015માં 27.7 ટકા થયો હતો. દેશમાં કુલ 3598 હોસ્પિટલો અને 25723 દવાખાનાઓ આવેલા છે જેમાં આયુર્વેદ, યોગ, નેચરોપેથી, ઉનાની, હોમિયોપેથી વગેરેનો સમાવેશ થાય છે. વર્ષ 2015માં 1,53,655 જેટલા પેટા કેન્દ્રો, 25308 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, 5396 જેટલા કોમ્યુનિટી આરોગ્ય કેન્દ્ર હતા. વર્ષ 2017-18માં કેન્દ્રીય બજેટમાં આરોગ્ય માટે કુલ 39879 કરોડમાં વધારો કરીને 48879 કરોડ કરવામાં આવ્યો છે. ગુજરાત અને ઝારખંડમાં આરોગ્યની સુખાકારી કેન્દ્રમાં 2 નવા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ સાયન્સ સ્થાપવામાં આવ્યા છે.

### *૩.૪ વાહનવ્યવહાર*

પરિવહનક્ષેત્ર એ વસ્તુઓ અને સેવાઓને ઝડપથી તેમજ સરળતાથી લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે. રાજ્યની અંદરના વ્યવહારો તેમજ રાજ્યો-રાજ્યો વચ્ચે તેમજ આ.રા.વ્યવહારો દ્વારા સેવાઓનો પરિવહન કરે છે. વાહનવ્યવહારમાં રસ્તાઓ, જળ, વાયુ, રેલવે અને પાઇપલાઇન વગેરેનો સમાવેશ થાય છે. વાહનવ્યવહાર ક્ષેત્રમાં રેલવે સૌથી મોટું ક્ષેત્ર છે. ભારતમાં રેલવેનું નેટવર્ક 1,15,000 કિમી સુધી વિસ્તરેલું છે. વર્ષ 2015માં 8.25 અબજ મુસાફરોએ મુસાફરી અને 970 મિલિયન ટન વાર્ષિક માલનો પરિવહન કર્યો હતો. દેશમાં કુલ 12,617 પેસેન્જર ટ્રેનો અને 7421 ફ્રેઇટ ટ્રેનો છે. જે દરરોજ 2237 પ્રવાસીઓ અને 3 મિલિયન ટન રોજની દૈનિક મુસાફરી કરે છે. વર્ષ 2011માં એક્સપ્રેસ રોડની લંબાઈ 1208 કિમી, નેશનલ હાઇવે 7911 કિમી, સ્ટેટ હાઈવે 1,55,716 કિમી, જિલ્લામાં ગ્રામીણ ક્ષેત્રમાં 4455010 કિમી અને શહેરી રસ્તાઓ 4689842 કિમીની વર્ગલંબાઇ ધરાવતા હતા. ચોરસ કિમીમાં જમીનના 0.66 કિમીના ધોરણે ભારતમાં હાઇવે નેટવર્કની ઘનતા અમેરિકા (0.65), ચીન (0.16) અને બ્રાઝિલ (0.20) કરતા વધારે છે. દેશમાં ખનિજ તેલ માટે 20 હજાર કિમી અને પેટ્રોલિયમ માટે 15 કિમી લાંબી પાઈપલાઈન છે. નદીઓ, નહેરો, ખાડીઓના રૂપમાં કુલ નેવીગેબલ લંબાઇ 14,500 કિમી છે. જેમાં 5200 કિમી નદીઓ અને 485 કિમીમાં નહેરોનો ઉપયોગ થાય છે. દેશમાં હવાઈમુસાફરોની સંખ્યા વર્ષ 2016માં 119 મિલિયન હતી જે સરેરાશ 11.78 ટકાના દરે વધી છે. વર્ષમાં 2015માં 98 મિલિયન મુસાફરોએ મુસાફરી કરી હતી. વર્ષ 2015માં હવાઈ પરિવહન નૂર 1833.8 મિલિયન ટન કિમી હતો જે 2016માં 1893.8 ટન કિમી થયો હતો.

### *૩.૫ બેંકિંગક્ષેત્ર*

દેશમાં નાણાંકીય સેવાઓ પુરી પાડવાનું કામ બેંકિંગ ક્ષેત્ર કરે છે. દેશમાં વિકાસ બેંકો, વ્યાપારી બેંકો, બિન બેંકિંગ મધ્યસ્થીઓ નાણાંકીય સેવાઓ પુરી પાડે છે. ભારતમાં આરબીઆઇ, એસબીઆઇ, આઇડીબીઆઇ, એકિઝમ બેંક, નાબાર્ડ, શીડબી જેવી બેંક વિવિધ ક્ષેત્રેમાં ધિરાણની સુવિધા પુરી પાડે છે. દેશમાં કેશલેસ

વ્યવહારોને પ્રોત્સાહન આપવા ઇ-બેંકિંગ, એટીએમ, ડેબિટકાર્ડ, પેટીએમ અને ભીમ એપ જેવી સુવિધાઓ આપવામાં આવે છે. દેશમાં 27 બેંકો જાહેરક્ષેત્રની, 26 ખાનગીક્ષેત્રની, 46 વિદેશી, 56 ક્ષેત્રીય, 1574 શહેરી સહકારી અને 93913 ગ્રામીણ શહેરી બેંકો છે. પ્રધાનમંત્રી જનધનયોજના 2016માં 255.1 મિલિયન ખાતાઓ ખોલવામાં આવ્યા હતા. જેમાં 6971.68 મિલિયન અમેરિકન ડોલર જમા થયા હતા.

### *૩.૬ વીમાક્ષેત્ર*

દેશમાં જીવનની સુરક્ષાની જવાબદારી સાહસ લાઈફ ઇન્શ્યોરન્સ કોર્પોરેશન (એલ.આઈ.સી.)ને આપવામાં આવી છે. ભારતમાં નાગરિકોને નાણું, સમય અને જોખમોને ધ્યાનમાં રાખીને જરૂરી સેવાઓ પૂરી પાડે છે. દેશમાં વીમા કંપનીઓ માટેના નિયમો, ધોરણો અને નિયંત્રણો રાખવાનું કાર્ય ઇન્શ્યોરન્સ રેગ્યુલિટરી એન્ડ ઓથોરીટી ઓફ ઇન્ડિયા દ્વારા થાય છે. વાહનો માટેનો વીમો વર્ષ 2016-17 માં 105.25 અબજ અમેરિકન ડોલર હતો જેમાં 12 ટકા વૃધ્ધિ થઇ હતી. દેશમાં નાગરિકોને સુરક્ષા માટે પ્રધાનમંત્રી જીવન જ્યોત યોજના કાર્યરત છે. દેશમાં વિવિધ વીમા કંપનીઓમાં aviva life insuance, bajaj allianz,birla A sun life limited, kotak mahindra, LIC, sbi life insurance, reliance life insurance વગેરે મુખ્ય છે.

### *૩.૭ સંદેશાવ્યવહાર*

દ્રશ્ય અને શ્રાવ્ય થઈ શકે એવી માહિતીને એક સ્થળેથી બીજા સ્થળે સરળતાથી પ્રસારિત કરીને પ્રત્યાયન પ્રક્રિયાને પૂર્ણ કરવાનું કાર્ય સંદેશાવ્યવહાર કરે છે. રેડિયો, ટી.વી, તાર-ટપાલ,ચલચિત્રો, ઈન્ટરનેટ, મોબોઇલ, ફેસબુક વગેરે માહિતી પ્રસારણના માધ્યમો છે. વર્ષ 2017 માં 1.211 બિલિયન ટેલીફોન, 1.187 બિલિયન મોબાઈલ, 462.12 મિલિયન ઈન્ટરનેટ, 310.87 મિલિયન બ્રોડબેન્ડ, 890 ટી.વી.ચેનલો અને 345 રેડિયો સ્ટેશન છે. વર્ષ 2017માં મોબાઈલ સેવા બજાર 37 બિલિયન છે.જે વર્ષ 2020 સુધીમાં 10.3 ટકાનાં દરે વધીને 103.9 અબજ અમેરિકન ડોલર થવાની શક્યતા છે.

## ૪. ઉપસંહાર

કોઇ પણ દેશના અર્થતંત્રને ગતિશીલ રાખવા માટેનું અગત્યનું ક્ષેત્ર એટલે સેવાક્ષેત્ર. ભારતમાં આરોગ્ય, શિક્ષણ, વીમા, બેન્કિંગ, પરિવહન, સંદેશાવ્યવહાર જેવી મહત્વની અને આધારભૂત સેવાઓનો વિકાસ સતત થઇ રહ્યો છે. ભારત દેશની મુખ્ય સેવાઓના વિકાસને કારણે દેશનાઆર્થિક વિકાસમાં નોંધપાત્ર વધારો થયો છે. આરોગ્ય અને શિક્ષણ જેવી સેવાઓને કારણે દેશમાં લોકોનાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓનું નિવારણ થયું છે. આથી કહી શકાય કે સેવાક્ષેત્ર એ ભારતીય અર્થતંત્રનું સૌથી વિકસિત ક્ષેત્ર છે.

## સંદર્ભો

1. જોશી,આર.સી (2013). " ભારતીય અર્થતંત્ર " ન્યુ પોપુલર પ્રકાશન, સુરત
2. ઠાકર, હર્ષદ કે.(2005). " અર્થશાસ્ત્ર- ધોરણ 12 " ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર.
3. વિકાસને સમર્પિત માસિક " યોજના " સેવાક્ષેત્ર, પાલડી, અમદાવાદ . વર્ષ 2011, અંક -6
4. United Nations Development Programme (UNDP) Human Development Report 2016.
5. United Nations Development Programme (UNDP) Human Development Report 2015.
6. Economic Survey Report 2016.
7. http://knoema.com/atlos/india
8. india brand equity foundation (www.ibef.org.)